ગાંધીનગર સમાચાર

પાકિસ્તાની હેકર્સે એલ.ડી.આર.પી. કોલેજની વેબસાઈટ હેક કરી

# શહેરમાં આજે તાજીયા જુલુસ નીકળશે

@ગાંધીનગર

● શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, બ્લોક નં. ૧૪૬/૪, ચ ટાઈપ સે-૧૭, ગાંધીનગર ખાતે સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન કવિ રાજેન્દ્ર શુકલનું 'મારી શબ્દયાત્રા' વ્યાખ્યાન યોજાશે.

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર ગુજરાતમાં આવતીકાલે મહોરમની ઉજવણી કરવામાં આવશે. ગાંધીનગરમાં આ નિમિત્તે તાજીયાનું જુલુસ વિવિધ વિસ્તારોમાંથી નીકળશે. વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તાજીયાનું સ્વાગત કરશે અને પુષ્પાંજલિ અર્પણ કરશે.

ઈસ્લામ ધર્મના મહાન પયંબર હજરત મહંમદ સાહેબ (સ.અ.વ.)ના દૌહિત્ર હઝરત ઈમામ હુસેન અને હઝરત ઈમામ હસને તેમના ૭૨ ચુનંદા સાથીઓ સાથે માનવતાના મુલ્યો ખાતર કરબલાના મેદાનમાં શહીદી વહોરી હતી. તેમની શહાદતની યાદમાં મહોરમના દશમા ચાંદે મુસ્લિમ બિરાદરો ભારે શોક અને માતમ સાથે યમને-આશુરા મનાવે છે.

## વિવિધ ક્ષેત્રના મહાનુભાવો પુષ્પાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર શહેરમાં તા. ૧૨મી ઓકટોબરના રોજ તાજીયા-મહોરમનું જુલુસ ગાંધીનગરમાં ફરશે. તા. ૧૨મી ઓકટોબરના રોજ બપોરે બે વાગે સેકટર-૨૯ હુસેની ચોક (સે-૨૮-૨૯ બસ સ્ટેન્ડ પાસે)થી તાજીયા અને ચરેડીના તાજીયા જુલુસનું પ્રસ્થાન થશે. આ સમયે પૂજય કૈલાસ દીદી (બ્રહ્મકુમારી), મહામંડળના હોદ્દેદારો, વિવિધ ધર્મના વડાઓ, રાજકીય મહાનુભાવો પુષ્પાંજલિ અર્પણ કરશે. કોમી એખલાસનો અનેરો મહાલો સર્જાશે. તાજીયા આ જુલુસ સાથે જોડાશે. બધા તાજીયા જુલુસ ઘ-૬ સર્કલથી નીકળી ઘ-૫, ૧૭/૨૨, ચ-ફુવારા, સે-૨૧ મસ્જીદ, સે-૨૧ શાકમાર્કેટ, ગુરુદ્વારા થઈ સે-૩૦ ચાર રસ્તા પહોંચશે રાતના સાડા આઠ વાગે કરબલા ગ્રાઉન્ડ ખાતે તાજીયા ઠંડા કરવામાં આવશે.

વાતવાતમાં

● નવરાત્રી સમાપન સાથે જ વાતાવરણમાં પણ અચાનક પલટો આવ્યો છે. મોડી રાત્રિથી અનુભવાતી ઠંડક શહેરમાં ધીમા પગલે શિયાળાના આગમનના એંધાણ આપી રહી છે.

● ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે એક કૂતરાએ આતંક મચાવતા લગભગ ૧૨ થી ૧૫ વ્યકિતઓને કરડયું હતું. કૂતરાનો ભોગ બનેલા કેલાક ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા.

# ગુડા વિસ્તારનો નવો ટ્રેન્ડ : નવરાત્રી બાદ દશેરાએ સમૂહભોજન

## મોટા ભાગની સોસાયટીઓમાં સમૂહ ભોજનના આયોજનો : સવારથી જ તડામાર તૈયારીઓ હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં નવરાત્રિનો તહેવાર ખૂબ જ રંગેચંગે હર્ષોલ્લાસથી ઉજવાયો અને શહેરના પરંપરાગત શેરી ગરબાઓમાં પણ નગરજનો મનભરીને ગરબે ઘૂમ્યા હતા. ગાંધીનગરના ગુડા વિસ્તારની સોસાયટીઓમાં પણ નવરાત્રિના આયોજનો હાથ ધરાયા હતા. આ સાથે આ સોસાયટીમાં નવરાત્રિ પત્યા બાદ દશેરાના દિવસે સમૂહ ભોજનની પ્રથા જોવા મળી રહી છે. ગુડા વિસ્તારની લગભગ મોટા ભાગની સોસાયટીઓમાં આજે સમૂહભોજનના આયોજનો કરવામાં આવ્યા હતા. આ માટે સવારથી જ મોટા પાયે તૈયારીઓ હાથ ધરાયેલી જોવા મળી હતી.

ગુડા વિસ્તારો જેવા કે વાવોલ, કુડાસણ, સરગાસણ ચાર રસ્તા, રાયસણ વગેરેમાં નવનિર્મિત ફ્લેટ, એપાર્ટમેન્ટ તથા ટેનામેન્ટસ અને બંગ્લોઝ સહિતની સોસાયટીઓમાં સમૂહ ફાળાથી નવરાત્રિ મહોત્સવ યોજવામાં આવ્યા હતા.

આ સોસાયટીઓમાં સમૂહ ફાળા ઉપરાંત દરરોજની આરતીના ચઢાવા સહિત નવરાત્રિ મહોત્સવ સમિતિઓ દ્વારા કેટલીક જગ્યાએ જાહેરાતના બેનર્સ દ્વારા પણ આવક ઉભી કરાઈ હતી. આ કારણોથી સારું ફંડ એકત્ર થતા નવરાત્રી પત્યા બાદ દશેરાના દિવસે સોસાયટીના તમામ રહીશો માટે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવી રહ્યું છે જે માટે સવારથી તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી હતી.

નવરાત્રિ ઉત્સવ માટે



સોસાયટીના રહીશો હળીમળીને સ્વયંસેવા દ્વારા સમગ્ર તૈયારીઓ હાથ ધરે છે. વળી દરરોજ વ્યવસ્થા જાળવવાથી માંડીને ગરબા પત્યા બાદ ચા નાસ્તા વગેરેના આયોજન પણ સંભાળવામાં આવતા હોય છે. આથી દસ દિવસના અથાગ પરિશ્રમથી રંગેચંગે નવરાત્રિ ઉત્સવ ઉજવ્યા બાદ દશેરાના દિવસે એકત્ર થયેલા ફંડમાંથી સોસાયટીના રહીશો માટે સમૂહભોજન યોજી નવરાત્રિના તહેવારનું સમાપન પણ રંગે ચંગે કરવામાં આવ છે. આ સમુહભોજનના કારણે સોસયટીના રહીશોમાં એકતા અને પરસ્પર સદભાવનામાં વધારો થતો જોવા મળે છે. વળી નવનિર્મિત સોસાયટીમાં પોતાના આડોશી પાડોશીઓ સાથે પરિચય કેળવાય અને ઘરોબો પણ વધે છે. આ કારણે ગુડા વિસ્તારની લગભગ મોટા ભાગની સોસાયટીઓમાં નવરાત્રિ બાદ દશેરાના દિવસે સમુહ ભોજનનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

# સે-૭માં બિમારીથી કંટાળી ગયેલી ૨૦ વર્ષિય યુવતીનો ગળેફાંસો

ગાંધીનગર, તા.૧૧

શહેરનાં સે-૭ ખાતે રહેતી ૨૦ વર્ષિય યુવતી આજે બપોરે જમી પરવારીને પોતાના રૂમમાં બીજે માળ આરામ કરવા ગઈ હતી. યુવતીએ બિમારીથી કંટાળી જઈને પોતાના રૂમમાં જ પંખે દુપટ્ટો બાંધીને લટકી જઈ ફાંસો ખાઈ લીધો હતો. આ મામલે પોલીસને જાણ થતા મૃતદેહ પી.એમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે. મૃતક યુવતી તાજેતરમાં જ ૧૫ દિવસ હોસ્પિટલાઈઝ્ડ હતી.

ગાંધીનગર શહેરનાં સે-૭ સી પ્લોટ નં.૫૨૦/૨ ખાતે રહેતી ૨૦ વર્ષિય હેતલ મહેશભાઈ વાઘેલા છેલ્લા ઘણા સમયથી બિમાર રહેતી હતી. પરિવારજનોનાં જણાવ્યાનુસાર તેણીને લોહીની ટકાવારી ઘટી જતી હતી. બે સપ્તાહ પહેલા જ હેતલ હોસ્પિટલમાં પંદર દિવસ સારવાર માટે દાખલ થયા બાદ ડિસ્ચાર્જ થઈ હતી. આ બિમારીથી તે કંટાળી ગઈ હતી. દરમ્યાન આજે બપોરે જમી પરવારીને હેતલ તેણીના બીજા માળે સ્થિત રૂમમાં આરામ કરવા ગઈ હતી. એકાદ વાગ્યાના અરસામાં તેના પરિવારના સભ્ય હેતલના રૂમ તરફ ગયા તો તે પંખે લટકેલી હાલતમાં હતી. પોતાના રૂમમાં જ પંખે દુપટ્ટો બાંધીને હેતલે ગળેફાંસો ખાઈને મોતને વ્હાલુ કરી લીધુ હતુ. પોલીસને ઘટના અંગે જાણ કરાતા સે-૭ પોલીસ મથકનાં જમાદાર જશવંતસિંહ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# રૂપાલ પલ્લી મેળામાં પોલીસ જવાનની પત્નીનું મંગળસુત્ર ચોરાયુ

ગાંધીનગર, તા.૧૧

રૂપાલ પલ્લી મેળામાં લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટ્યા હતા. વરદાયીની માતાજીનાં મંદિરના પરીષરમાં ભીડભાડનો લાભ લઈ ચોરી કરતી ગેંગ પણ સક્રિય થઈ હતી. ગાંધીનગર એસ.ઓ.જી માં ફરજ બજાવતા પોલીસ કર્મી વાસુદેવભાઈ પટેલની પત્ની હેતલબેન મંદિરે દર્શન કરવા ગયા હતા ત્યારે ભીડભાડમાં ગળામાંથી કોઈ શખ્સ મંગળસુત્ર ખેંચી ન જાય તે માટે તકેદારી રાખીને મંગળસુત્ર પોતાના પર્સમાં એક નાના પોકેટમાં મુકી દીધુ હતુ. અઢી તોલા વજનનુ આશરે ૪૫ હજારની કિંમતનુ મંગળસુત્ર અને રૂ.૨૭૦ રોકડ નાના પોકેટમાં પડયા હતા. આ પોકેટ કોઈ શખ્સ ચોરી કરી રફૂચક્કર થઈ ગયુ હતુ. પેથાપુર પોલીસે હેતલબેનની ફરિયાદને આધારે ગુનો નોંધી સીસીટીવી કેમેરા ચેક કરવાની કાર્યવાહી શરુ કરી છે. તે ઉપરાંત અન્ય ત્રણ દર્શનાર્થીઓનાં મોબાઈલ ચોરી થયા હોવાની પણ ફરિયાદ નોંધાવા પામી છે. અમદાવાદ ન્યુ રાણીપમાં રહેતા પિયુષભાઈ પટેલનો રૂ.૨૫ હજારની કિંમતનો આઈફોન, અમદાવાદના અવકાશ પટેલનો રૂ.૩ હજારની કિંમતનો સેમસંગનો મોબાઈલ અને મહેસાણાનાં કડી વિસ્તારનાં કમલેશ પટેલનો રૂ.૪ હજારની કિંમતનો આસુસ મોબાઈલ મળી રૂ.૩૨૦૦૦ની કિંમતના ત્રણ મોબાઈલ ચોરી થયા હોવાનુ પોલીસ ચોપડે નોંધાવા પામ્યુ છે.

# હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના અનિલ ખુડિયાનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

## બંને ભારતીય ટીમ સેમી ફાઈનલમાં પહોંચી



ગાંધીનગર, તા.૧૧

બાંગ્લાદેશના ઢાકા ખાતે ચાલી રહેલ આઈએચએફ હેન્ડબોલ ચેમ્પિયન ટ્રોફીમાં ભારતની અન્ડર-૨૧ ટીમ સેમી ફાઈનલમાં પહોંચી ગઈ છે. સેમી ફાઈનલમાં બુધવારે ભારતીય ટીમની ટકકર નેપાળ સાથે થશે. ભારતીય ટીમે બાંગ્લાદેશની ટીમને ૪૫-૩૧થી કારમો પરાજય આપી સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો જેમાં ગાંધીનગરના ખેલાડી અનિલ ખુડિયાએ સૌથી વધુ ગોલ નોંધાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સાઈ ગાંધીનગર ખાતે હેન્ડબોલ કોચ શશિમોહન ધુમાલ આ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમના કોચ તરીકે ફરજ નિભાવી રહ્યા છે. આ સાથે અન્ડર-૨૦ ગર્લ્સ કેટેગરીની ભારતીય ટીમ પણ સેમી ફાઈનલમાં પહોંચી છે. બંને ભારતીય ટીમ ફાઈનલમાં પ્રવેશી ચેમ્પિયન ટ્રોફી જીતશે તેવો કોચ શશિમોહન ધુમાલે વિશ્વાસ વ્યકત કર્યો હતો.

# પાકિસ્તાની હેકર્સે એલ.ડી.આર.પી. કોલેજની વેબસાઈટ હેક કરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની એલ.ડી.આર.પી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી એન્ડ રીસર્ચ કોલેજની વેબસાઈટને પાકિસ્તાની હેકર્સ 'ડેથ એડર્સ ક્રુ' એ હેક કરી પાકિસ્તાનનો ઝંડો સ્ક્રીન પર ફિક્સ કરી દઈને દેશની સલામતી પર ગાળ લખીને ચેતવણી આપતો સંદેશ મુકી દેતા ચકચાર મચી જવા પામી છે. રાત્રે દોઢેક વાગ્યે કોલેજ સંચાલકને હેકીંગ અંગે જાણ થતા તાત્કાલીક ટેકનીકલ સ્ટાફ બોલાવીને કોલેજ રજીસ્ટ્રારે વેબસાઈટ બ્લોક કરાવી દીધી હતી.

એલ.ડી.આર.પી કોલેજ સે-૧૫ ના કોઈ વિધ્યાર્થીએ કોલેજની વેબસાઈટ ગઈ કાલે ચેક કરી તો પાકિસ્તાનનો ઝંડો મુકી દેવાયેલો જોવા મળ્યો હતો. આ સાઈટ ડેથ એડર્સ ક્રુ નાં કાશીફ હેક્ષર દ્વારા હેક કરવામાં આવી હોવાનુ વેબપેજ પર લખેલુ હતુ અને પાકિસ્તાન ઝીંદાબાદ લખી ભારત દેશની




સુરક્ષા પર ગાળ લખી હતી. વેબ પેજ પર બીજુ લખાણ પણ લખ્યુ હતુ જે દેશને ચેતવણી આપતુ હોવાનો સંકેત કરે છે. 'અભી તો પાર્ટી શુરુ હુઈ હે મોદીજી, વી વીલ ★★★ યોર સિક્યોરિટી' ચેતવણીરૂપ આ સંદેશ લખીને હેકર્સે દેશની સિક્યુરિટીની ઠેકડી ઉડાડતુ લખાણ લખ્યુ હતુ કે 'લાફીંગ એટ યોર સિક્યુરિટી સિન્સ બોર્ન..', 'સિક્યોરિટી ઈઝ જસ્ટ ઈલ્યુઝન'. પાકિસ્તાની હેકર્સે ગાંધીનગરની કોલેજને કેમ ટાર્ગેટ બનાવી તે પણ એક મોટો પ્રશ્ન છે. મળતી માહિતી મુજબ આ હેકરે અગાઉ પણ દેશની વિવિધ કોલેજોની વેબસાઈટ ઉપરાંત પંજાબની સરકારી કચેરીઓની કેટલીક ખાનગી વેબસાઈટ પણ હેક કરી હતી. એલ.ડી.આર.પી કોલેજનાં વિદ્યાર્થીએ કોલેજમા હેકીંગ અંગે જાણ કરતા ગઈ રાત્રે દોઢેક વાગ્યે ટેકનીકલ સ્ટાફ બોલાવીને વેબસાઈટ બ્લોક કરવામાં આવી હતી તેમ રજીસ્ટ્રાર શ્રી મંત્રાલાએ જણાવ્યુ છે. હાલ કોલેજની વેબસાઈટ અન્ડર મેઈન્ટેનન્સ મુકી દેવામાં આવી છે. આ ઘટના અંગે સત્તાવાર કોઈ પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી. જો કે ઈન્ટેલીજન્સને આ મેસેજ મળતા એલર્ટ થઈ ગયુ છે અને મુળ સુધી પહોંચવા ગતિશીલ બન્યુ છે.

# જે હું હું કરે તે ગાંધી બાપુ ના હોય

## યુવા પેઢીમાં ગાંધી વિચારનો પ્રસાર કરવા કાર્યરત પ્રબુધ્ધ સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણીનું સાહિત્ય અને સેવા ક્ષેત્રે અમૂલ્ય યોગદાન : શાળા કોલેજોમાં રોચક શૈલીમાં પ્રસંગો વર્ણવી ગાંધી વિચારને જીવંત રાખી રહ્યા છે



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૧૧

એક કોલેજના હકડેઠઠ ભરાયેલા હોલમાં વિદ્યાર્થીઓ શાંત ચિત્તે વકતાની વાણી સાંભળી રહ્યા હતા. વકતા પૂજય ગાંધી બાપુને સાંકળી લેતા એક પછી એક પ્રસંગો તેમની રોચક શૈલીમાં વર્ણવી રહ્યા હતા. એક કલાકના ગાંધી જીવન દર્શન બાદ દરેક વિદ્યાર્થીઓને વકતાએ ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા ભેટ આપતા કહ્યું કે થોડા દિવસ પછી આ પુસ્તક આધારિત તમારી એક સરળ કસોટી લેવાશે માટે તેને ધ્યાનથી વાંચી રાખજો. વિદ્યાર્થીઓએ ઉત્સાહથી હકારાત્મક પ્રત્યુત્તર આપ્યો અને ખરેખર કસોટીનું પરિણામ જોઈ પેલા વકતાને પણ આનંદ થયો. કેમ કે તેમણે 'ગાંધી વિચાર'ને જીવંત રાખવા ઉપાડેલ ઝુંબેશને બળ મળે તેવા પરીણામ આવ્યા હતા. આ વકતા એટલે મૂળ ગોધરાના અને હાલ ગાંધીનગરમાં સ્થાયી થયેલા ગુજરાતના પ્રબુધ્ધ સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણી. તેઓ ગાંધી વિચારને જીવંત રાખવા ૧૯ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા ૪ કોલેજોમાં વકતવ્યો આપી ચુકયાં છે. અને આ ઝુંબેશને તેઓ તમામ શૈક્ષણિક સંસ્થાઓ સુધી લઈ જવા કટિબધ્ધ છે.

અર્થશાસ્ત્ર અને રાજયશાસ્ત્ર અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયા બાદ વર્ષ ૧૯૬૨માં અમદાવાદની ખાનગી સ્કૂલમાં ઉનાળુ વેકેશનનો પગાર નહી લેવાની શરતે રૂ. ૧૦૦થી નોકરીનો પ્રારંભ કર્યો હતો અને અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષક આચાર્ય, નિરીક્ષક વગેરે જવાબદારી નિભાવ્યા બાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, રાજય સરકારના પ્રૌઢ શિક્ષણ વિભાગમાં આસીસ્ટન્ટ ડાયરેકટર અને લાયબ્રેરીમાં સલાહકાર તથા શ્રેષ્ઠ પ્રાથમિક શાળા એવોર્ડ સમિતિના સભ્ય તરીકે સેવાઓ આપી ચુકયા છે. સાહિત્યક્ષેત્રે ૨૦૦થી વધુ કાવ્યો, નવલિકાઓ, સ્મૃતિલેખો, નિબંધો વગેરેના મૌલિક સર્જનનો પ્રારંભ માત્ર ૧૨ વર્ષની ઉંમરે રચાયેલા કાવ્ય 'ભારત જન' થી થયો હતો. સાહિત્ય ક્ષેત્રે અઢળક સર્જન થકી અનેક પારિતોષિકોથી તેમને નવાજવામાં પણ આવ્યા છે. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત ભાનુપ્રસાદ પુરાણીએ એક વાર નારાયણ દેસાઈની ગાંધીકથા બાદ મહેન્દ્ર ત્રિવેદી અને ગીજુભાઈ ત્રિવેદી જેવા સમર્થ મિત્રો સાથે સૂચન કર્યું કે 'ગાંધી વિચાર જીવંત રહેવો જોઈએ' અને આ વિચાર સાથે તેમણે 'ગાંધી મિત્ર વર્તુળ'ની રચના કરી છે.

ગાંધી મિત્ર વર્તુળ અંતર્ગત દર મહિને બેઠક યોજી 'ગાંધી વિચાર'ને જીવંત રાખવા ચર્ચા વિચારણા કરાય છે. અને તેમાંથી જ જન્મ થયો શાળા કોલેજોમાં તેમના ગાંધીજી આધારિત વકતવ્ય શ્રેણીનો. શરૂઆત કરી ગાંધીનગરની એલડીઆરપી કોલેજના હોલમાંથી જયાં મુખ્ય વકતા પદે ગાંધીજીના અંતેવાસી દાદા ધર્માધિકારીના પુત્ર સુપ્રિમ કોર્ટના નિવૃત્ત જસ્ટીસ ચંદ્રશેખર ધર્માધિકારી અને કટોકટીમાં જેલમાં જઈ આવેલા પ્રબુધ્ધ વિષ્ણુ પંડયાને અતિથિવિશેષ પદે નિયમંત્રિત કર્યા. ભાનુપ્રસાદ પુરાણીના વકતવ્યોમાં કટેલાક રસપ્રદ



પ્રસંગો આવરી લેવાયા છે. ૧૯૨૮માં બારડોલી ખાતે સત્યાગ્રહમાં સરદાર પટેલને પોંખવા ગાંધીજી આવ્યા ત્યારે એક આદિવાસી ગાંધીજીના દર્શન કરવા આવ્યો જેણે ગાંધી બાપુનો ફોટો સુધ્ધાં નહોતો જોયો. જયારે તેને અંદર જવા દેવાયો ત્યારે તેણે સામે અનેક નેતા જોવા સવાલ કર્યો કે બાપુ કયાં? આ સમયે સરદાર પટેલને ટીખળ સુજી અને તેમણે કહ્યું 'હું છું બાપુ' ત્યારે પેલા ભોળા આદિવાસીએ કહ્યું કે 'જે હું હું કરે તે બાપુ ના હોય'. ભાનુપ્રસાદના મતે ગાંધીબાપુની મજાક માત્ર બે જ વ્યકિત કરી શકતા એક સરદાર પટેલ અને બીજા સરોજીની નાયડુ, એકવાર સરોજીની નાયડુએ બાપુને પુછયું કે દુનિયાની સૌથી સુંદર સ્ત્રી કોણ તો બાપુએ કહ્યું કસ્તુરબા. આ વાત સરોજીની નાયડુએ કસ્તુરબાને કહી તો બાએ કહ્યું, 'બાપુ કયારેય જુઠ્ઠુ ના બોલે.' વર્ષ ૧૯૯૫માં અમદાવાદનો એક યુવાન તરૂણ પંડયા અભ્યાસ અર્થે ન્યુ જર્સી ગયો ત્યારે તે બ્લ્યુમફિલ્ડ નામના ગામમાં રહી એક ઈટાલીયન હોટલમાં જમવા જતો હતો. અહીં હોટલના માલિક સાથે ઘેરોબો થતા તે એકવાર અમદાવાદથી તેમના માટે ગાંધીજીની આત્મકથા લઈ ગયો. થોડા માસ બાદ આ હોટલ માલિકે તેને ઘરે જમવા બોલાવી ઘરની લાયબ્રેરી બતાવી જયાં ગાંધીજીને લગતા અઢળક પુસ્તકો જોઈ તરૂણને આશ્ચર્ય થયું. પુછતા જવાબ મળ્યો કે આત્મકથા વાંચી તેમાંથી નવજીવન પ્રકાશનના સરનામેથી આ તમામ પુસ્તકો મંગાવ્યા અને વાંચી કાઢયા છે.

આવા તો અનેક રસપ્રદ પ્રસંગો કહી આજની પેઢીમાં ગાંધી વિચારને પ્રસારિત કરતા ભાનુપ્રસાદ પુરાણી ગાંધીનગરની અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. જેમાં સિનિયર સિટીઝન કાઉન્સિલ, રેશનલ સમાજ વગેરેનો સમાવેશ થાય છે. તેઓ ગાંધીનગર સાહિત્ય સભાના સ્થાપક પ્રમુખ છે અને પ્રથમ ચાર વર્ષ સુધી પ્રમુખ પદે રહી સાહિત્યના વિકાસ માટે કાર્યરત રહ્યા છે. છેલ્લા છ માસથી ગાંધીનગર જિલ્લામાં 'ત્રિદલ' સંસ્થાના નેજા હેઠળ ગુજરાતી વિષયમાં ૮૫ ટકાથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું અભિવાદન કરી માતૃભાષાને જીવંત રાખવા પણ યોગદાન આપી રહ્યા છે. તેમની આ 'ત્રિદલ' સંસ્થાનો આધાર છે 'શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સમન્વય.' ગાંધી વિચાર થકી નવી પઢીમાં સંસ્કારનું સિંચન કરતા ભાનુપ્રસાદ પુરાણી પૂ. બાપુને સાચી શ્રધ્ધાંજલિ સમર્પિત કરી રહ્યા છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com



અસત્ય, અહંકાર અને આસુરી શકિત પર વિજયનું પર્વ એટલે દશેરા. દિલ્હી પબ્લિક સ્કૂલમાં દશેરાના પર્વ નિમિત્તે રાવણદહનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ડાયરેકટર રાની ચૌધરીએ રાવણદહન કરતા બાળકોને આસુરી શકિત પર દૈવી શકિતના વિજય માટે રાવણનું દહન કરવાની ભારતીય પરંપરાને જીવનમાં પણ ચરિતાર્થ કરવા પ્રેરિત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ડીપીએસના આર્ટ એન્ડ ક્રાફટ વિભાગના શિક્ષકો દ્વારા રાવણદહનના કાર્યક્રમ માટે ૧૫ ફુટનો રાવણ તૈયાર કરવામાં આવ્યો હતો. રાવણ દહન કરતા પહેલા વિદ્યાર્થીઓ દ્વારા રામલીલાના સંકલિત અંશો પણ ભજવવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. સોની હંસાબેન અમરતલાલ, ઉ.વ. ૬૮
- સ્વ. ડાભી અર્જુનસિંહ પ્રતાપસિંહ, ઉ.વ. ૫૦
- સ્વ. ઠાકોર ગાંડાજી ભઈજીજી, ઉ.વ. ૫૫
- સ્વ. મણીબેન પૃથ્વીસિંહ વાઘેલા, ઉ.વ. ૭૯